# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) ગાંધીનગરના માણસા તાલુકામાં રાજ્યકક્ષાનો આંતર-રાષ્ટ્રીય યોગ દિવસ ગાંધીનગરના માણસા તાલુકામાં ઉજવાશે.

2) ભાવનગરની મેડિકલ કૉલેજમાં રેગિંગની ફરિયાદની તાત્કાલિક તપાસ કરવા આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાનો આદેશ.

3) **એશિયાટિક સિંહોની સુરક્ષિત અવરજવર માટે ઢસા –રાજુલા રેલખંડ ખાતે દેશના પહેલા અંડરપાસનું નિર્માણ કાર્ય પૂર્ણ.**

4) **દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં આવતીકાલે સામાન્ય વરસાદની આગાહી.**

5) **મહેસાણાના ખેલાડી તક્ષ પટેલે રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય બંને સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યા.**

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# STATE LEVEL YOGA DAY

ગાંધીનગરના માણસા તાલુકામાં આગામી 21 જૂને રાજ્યકક્ષાનો આંતર-રાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારના 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર દેશમાં વિશિષ્ટ સેવાકીય કાર્ય કરવામાં આવી રહ્યા છે. તે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો યોગ દિવસ ઉજવાશે. તેમાં ચાર હજારથી વધુ લોકો ભાગ લેશે. ઉપરાંત આ વર્ષે યોગા ફોર હેલ્દી એજિંગ વિષયવસ્તુ હેઠળ રાજ્યભરની શાળાઓ, કૉલેજ, કૉર્પોરેટ ઑફિસ, ઉદ્યોગો, બગીચાઓ અને જાહેર માર્ગો પર મળી 24 હજાર જેટલા કાર્યક્રમ યોજાશે.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

# JAMNAGAR YOG SHIBIR

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં જામનગરમાં વિશાળ યોગ શિબિર યોજાઈ. તેમાં અનુભવી યોગ નિષ્ણાતોએ મંત્રીશ્રી સહિતના મહાનુભાવો અને સેનાના જવાનોને વિવિધ યોગાસન , પ્રાણાયામ અને ધ્યાનની ક્રિયાઓનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે સૌએ નિયમિત યોગ કરી સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ કર્યો હતો.

# INTERMINISTRERIAL BRIEFING

અંદાજે 62 હજાર 370 મેટ્રિક ટન LNG લઈ આવતું માલવાહક જહાજ “દિશા” આવતીકાલે સવારે ભરૂચના દહેજ બંદર પર પહોંચે તેવી શક્યતા છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ અંગે યોજાયેલી આંતર-મંત્રાલય પત્રકાર પરિષદ માં આ માહિતી આપતા બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના ડિરેક્ટર ઓપેશ કુમાર શર્માએ કહ્યું, ગત 15 તારીખે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે આ જહાજ પસાર થયું હતું.

# RAMDAS ATHAWALE RAJKOT

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ રાજકોટમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વિવિધ યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી. અતિથિ ગૃહ ખાતે યોજાયેલી બેઠકમાં તેમણે આર્થિર રીતે નબળા , વંચિત, વૃદ્ધ અને વિધવા મહિલાઓને સામાજિક તથા આર્થિક સહયોગ મળે તેમજ તમામ લોકો સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાયેલા રહે, સમાન અધિકાર અને ન્યાય મળે તેવા પ્રયાસને વધુ સક્રિય બનાવવા પર ભાર આપ્યો.

**(BYTE: RAMDAS ATHAWALE, MINISTER OF STATE FOR SOCIAL JUSTICE AND EMPOWERMENT)**

# REV BHAVNAGAR COLLEGE RAGGING

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ રેગિંગ – પજવણી જેવી અમાનવીય પ્રવૃત્તિઓ સામે રાજ્ય સરકારની શૂન્ય સહિષ્ણુતાની નીતિનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું , શૈક્ષણિક સંસ્થાઓમાં ભયમુક્ત , સુરક્ષિત અને સંસ્કારપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. શ્રી પાનશેરિયાએ ભાવનગરની મેડિકલ કૉલેજમાં રેગિંગની ફરિયાદની તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. તેમજ દોષિતો સામે કડક કાર્યવાહી કરાશે તેમ પણ જણાવ્યું છે.

અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે , સર. ટી. હૉસ્પિટલના ટ્રૉમા સેન્ટર બિલ્ડિંગમાં કાર્યરત્ ઑર્થોપેડિક વિભાગના બીજા વર્ષના છ વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષના 13 વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તણૂક કરાયાની ફરિયાદ થઈ હતી. આ મામલે શ્રી પાનશેરિયાએ કૉલેજના ડીન અને ઍન્ટિ-રેગિંગ કમિટિને તાત્કાલિક વિગતવાર અહેવાલ રજૂ કરવા સૂચના આપી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/સ્લેશ/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BHAVNAGAR ASIATIC LION

એશિયાટિક સિંહોની સુરક્ષિત અવરજવર માટે ઢસા —રાજુલા રેલખંડ ખાતે દેશના પહેલા અંડરપાસનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું. જ્યારે અન્ય ત્રણ સ્થળ પર નિર્માણાધીન છે. પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું , એશિયાટિક સિંહો તથા અન્ય વન્યજીવોને રેલવે ટ્રેક પાર કરવા સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ કરાવવા તેમજ વન્યજીવો અને રેલવે સંચાલન બંનેની સલામતી સુનિશ્ચિત કરીને શૂન્ય અકસ્માતના લક્ષ્યને હાંસલ કરવાના હેતુસર આ પહેલ કરવામાં આવી.

# MODHWADIA DHOLERA VISIT

વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ અમદાવાદના ધોલેરા વિશેષ રોકાણ ક્ષેત્ર – S.I.R. ખાતે તૈયાર થતા તાતા સેમિકન્ડક્ટર પ્લાન્ટની મુલાકાત લીધી. તેમણે બાંધકામ અને ટેક્નિકલ માળખાની પ્રગતિનું નિરીક્ષણ કર્યું. તેમજ આ પ્લાન્ટ ક્યારે કાર્યરત્ થશે તેની સમીક્ષા કરી.

ઉપરાંત સેમિકન્ડક્ટર પ્લાન્ટની વ્યવસ્થાપન ટુકડી અને ઇજનેરો સાથે ઉચ્ચસ્તરની બેઠકમાં શ્રી મોઢવાડિયાએ આ પ્લાન્ટ દેશમાં ડિજિટલ અને ઇલેક્ટ્રોનિક્સ ક્રાંતિને નવી દિશા આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

# AMC ACTION

અમદાવાદમાં એકથી 15 જૂન સુધીમાં મહાનગરપાલિકા દ્વારા 1 હજાર 27 ખાદ્ય એકમોની તપાસ કરવામાં આવી. દરમિયાન 409 નમૂના લેવાયા તેમાંથી 27 નમૂના અપ્રમાણિત જાહેર થયા છે. આ કાર્યવાહી દરમિયાન ત્રણ ખાદ્ય એકમો સીલ કરાયા તેમજ 2 હજાર 89 કિલોથી વધુ બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો નાશ કરાયો હોવાનું મહાનગરપાલિકાના પ્રભારી અધિક એમ. ઓ. એચ. ડૉ. તેજસ શાહે જણાવ્યું.

**(BYTE: DR. TEJAS SHAH)**

# STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી 24 તારીખ સુધી કેટલાક વિસ્તારમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું , આવતીકાલે દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળ પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

દરમિયાન જામનગર અને ભાવનગરમાં આજે અમી છાંટણા થતા શહેરીજનોને ગરમીમાંથી રાહત મળી છે. તો, દ્વારકાના રાવલ પંથકમાં વહેલી સવારે ધીમીધારે વરસાદ થયો. જ્યારે મહીસાગર ના બાલાસિનોર, લુણાવાડા, ખાનપુર અને કડાણામાં ગત મોડી રાત્રે વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. તો, કેટલીક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા. તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વીજ પૂરવઠો ખોરવાયાના પણ અહેવાલ છે. ઉપરાંત તાપીના ડોલવણ અને વાલોડ તાલુકામાં કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડ્યા.

# MEHSANA PLAYER MEDAL

મહેસાણાના ખેલાડી તક્ષ પટેલે રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય બંને સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યા. વિસનગર તાલુકાના કાંસા ગામના રહેવાસી તક્ષ પટેલે નેપાળમાં રમાયેલી નેપાળ આંતર-રાષ્ટ્રીય સ્પર્ધામાં લાંબી કૂદમાં સુવર્ણ અને 100 મીટર દોડમાં રજત ચંદ્રક મેળવ્યો.

જ્યારે હરિદ્વાર  માં ભારતીય રાષ્ટ્રીય રમતગમત સત્તામંડળ દ્વારા યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં 100 મીટર દોડમાં પણ તેમણે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

# 12 YEARS OF GOVT

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. તે અંતર્ગત આજે બોટાદ, મહેસાણા અને ડાંગ સહિતના જિલ્લાઓમાં પ્રાકૃતિક કૃષિ સંવાદ, પરિસંવાદ અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયા. તેમાં તજજ્ઞો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન અપાયું.

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની અધ્યક્ષતામાં જામનગરમાં પ્રાકૃતિક ખેતી પર પરિસંવાદ અને પ્રદર્શન યોજાયું. પત્રકારો સાથેની વાતચીતમાં સુશ્રી જાડેજાએ કહ્યું, જામનગરમાં અત્યાર સુધી નવ હજારથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી.